# વહેલા ઉઠીને ભુલા પડવાની કોંગ્રેસને ટેવ પડી ગઈ છે

માર્કેટીંગમાં કોંગ્રેસ હજી પાછી પડે છે. ચૂંટણીના યુદ્ધના મેદાનમાં કેટલાંક સ્થાનો ઉપર જીતની શક્યતા હોવા છતાં આક્રમકતાના અભાવે કોંગ્રેસ પાછી પડે છે. સંકલનનો અભાવ સ્પષ્ટ રીતે દેખાય છે. ખુબજ અસરકારક મુદ્દાઓ ઉછાળવામાં ઉણી ઉતરતી કોંગ્રેસ મોડી પડે છે અને મોળી પણ પડે છે. મંદિરના મુદ્દા ઉપર આક્રમક બને તે પહેલાં ભાજપ ઉપર કોંગ્રેસના




તમામ પ્રવક્તાઓએ ભાજપની ટેવને ખુલ્લી પાડવી જોઈએ. વિકાસ પર આકરા પ્રહાર કરવા જોઈએ. બેવડી નીતિઓ અને બેવડા વલણોને ખુલ્લા પાડવામાં કોંગ્રેસ પાછી પડે છે. કોંગ્રેસને પહેલેથી ખબર જ હોવી જોઈએ કે છેલ્લા ત્રણ-ચાર દિવસમાં કોઈ પણ રીતે મંદિર મુદ્દો ઉછળશે જ તો તેના જવાબની તૈયારીઓ પણ પુરતી નથી એવું અનુભવમાંથી પણ જો શીખી લેવાયુ હોત તો આજે આ સ્થિતિનું નિર્માણ ના થયું હોત. વહેલા ઉઠીને ભુલા પડવાની કોંગ્રેસને ટેવ પડી ગઈ છે.

'હું છુ વિકાસ, હું છુ ગુજરાત' આ નામે ધમપછાડા કરતાં ભાજપે મંદિરનો મુદ્દો કેમ ઉછાળવો પડે છે? વિકાસના વક્તાઓને મંદિરની વાતો કરવી પડે એ પણ સ્થિતિ ચિંતાજનક છે. વિકાસ-વિકાસ-વિકાસના નામે જ જ્યારે ચૂંટણી લડવાની હોય ત્યારે દર વખતની જેમ ધર્મ-જાતિ, મંદિર-મસ્જિદ જેવા મુદ્દાઓ ઉછાળીને સત્તાની સીડી ચડવાનું હવે શોભતુ નથી. અને હા દરેક વાતમાં અહંકાર વ્યક્ત કરવો જરૂરી નથી. ભાજપના જ શબ્દોમાં કહીએ તો 'સૌનો સાથ-સૌનો વિકાસ' તો આપણે ના બદલે હું અને મારી સરકાર જ કેમ?! નાત-જાતના ભેદભાવો સામે લડત ચલાવતી પાર્ટીએ ધર્મના આટાપાટામાં શા માટે પડવું પડે?! રોજગારી-મોંઘવારી અને વિકાસના મુદ્દા ઉપર ચર્ચા કરવાનું કેમ ટાળવામાં આવે છે તે સમજાતુ નથી. અરે જો ભાજપના શબ્દોમાં કહીએ તો ગુજરાતમાં ભાજપના જેટલા સભ્યો છે તેમનો પરીવાર જો મત આપે તો કોઈના મતની

**વિકાસની વાતો કરનાર ભાજપને હવે મંદિરના મુદ્દા શોભતા નથી**

જરૂર નથી. તો શા માટે આ દેકારાને પડકારા?! શા માટે સાચા જુઠ્ઠા આક્ષેપો?! અને શા માટે વાતાવરણ ડહોળવાના પ્રયાસ થાય છે?! એ પ્રજાને સમજાતુ નથી.

અયોધ્યામાં મંદિર બંધાય કે મસ્જિદ બંધાય અથવા બન્ને બંધાય અથવા કંઈ ના બંધાય પ્રજા તરીકે આપણે ચર્ચા સિવાય કાંઈ રસ નથી. આપણને તો જરૂર છે સોંઘવારીની, આપણને જરૂર છે આપણા સંતાનો કે ભાઈ-બહેનોની રોજગારીની, આપણને જરૂર છે વ્યાજબી કિંમતે શિક્ષણ અને આરોગ્ય સેવાઓની, આપણને જરૂર છે સારા રસ્તા-રહેવા લાયક મકાન અને પોષાય તેવા ભાવે જીવન જરૂરી ચીજવસ્તુઓની. આ આપણી વાતને જે સમજે, સ્વીકારે અને સાથે રહે તે આપણો પ્રતિનિધિ, તે આપણો ધારાસભ્ય, અને તે જ આપણી સરકાર! ખરૂને..?!

- નિમિત્ત માત્ર

# ગાંધીનગર ઠંડુગાર

## મહત્તમ-લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ત્રણ ડિગ્રીનો તફાવત : સવાર-સાંજ ભેજ લગભગ સરખો રહ્યો : વાતાવરણમાં સુસ્તી

ગાંધીનગર, તા. ૬

છેલ્લા ત્રણ દિવસથી આસમાની આફત 'ઓખી'ને પગલે સમગ્ર જનજીવન પ્રભાવિત થયું છે. ઓખી ચક્રવાતની અસરમાં ભર શિયાળે ચોમાસા જેવો માહોલ જામ્યો છે. બે દિવસથી પવનના સુસવાટા સાથે ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. અને સતત બીજા દિવસે પણ સૂર્યદેવતાએ દેખા ન દિધી હોવાથી નગરજનોને સ્વેટર તથા શાલ ઓઢવાની ફરજ પડી છે.

આજે શહેરનું મહત્તમ તાપમાન ૧૯.૮ ડિ.સે., જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬.૦ ડિ.સે. રહ્યુ હતુ. સર્વે નગરજનો હવે સૂર્યદેવતા સામે મીટ માંડીને બેઠા છે કે, ક્યારે દેવ તેમની કૃપા ઉતારશે?

સમસ્ત નાગરિકો કામ સિવાય ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યાં છે. ભૂલકાંઓથી માંડીને મોટેરાઓ પણ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા છે અને



શહેર જાણે કે હિલ સ્ટેશનમાં પરિવર્તિત થઈ ચુક્યુ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાન લગભગ એક સરખુ થઈ ગયુ છે.

ભેજવાળા વાતાવરણને પગલે અને ઠેક-ઠેકાણે વરસાદી પાણી એકત્ર થતાં તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે. લોકોને રોગચાળાથી બચવા તાકીદ કરવામાં આવી છે. બાળકો તથા વૃદ્ધોમાં શરદી-ખાંસી-તાવનું પ્રમાણ વધ્યુ છે તેથી શાળાઓમાં બાળકોની ગેરહાજરી પણ વર્તાઈ રહી છે. ઓફિસોમાં કર્મચારીઓને ચાની ચુસ્તી લેવાની ફરજ પડી છે. નગરજનો વ્યાપક પ્રમાણમાં ગરમપીણાનું સેવન કરી રહ્યાં છે અને ગૃહિણીઓ શિયાળુપાક તથા સ્ફૂર્તિવર્ધક ખાદ્યપદાર્થો બનાવવાની મથામણમાં લાગી ચુકી છે. ફૂલગુલાબી ઠંડીની મોસમમાં માવઠુ થતાં લોકો મુંઝવણમાં મુકાયા છે કે 'બહાર સ્વેટર પહેરીને જવુ કે પછી રેઈનકોટ?' ફૂટપાથ પર રહેતા લોકોની હાલત દયનીય બની છે.

તો બીજી તરફ ધરતીપુત્રોની હાલત કફોડી બની છે, કમોસમી વરસાદને પગલે તેઓને વ્યાપક પ્રમાણમાં નુકશાન થવાની ભીતિ છે. ઓખી ચક્રવાતને પગલે ખેડૂતોની સ્થિતિ કાંઈક આવી થઈ છે.

# ગાંધીનગરના રૂપાલમાં ૧૧મીએ હાર્દિક પટેલની મહાસભા યોજાશે

## અમદાવાદમાં રોડ શો બાદ હાર્દિક કાફલા સાથે રૂપાલ મહાસભા સંબંધો તેવી શક્યતા : સભા ન થવા દેવા બેઠકોનો દૌર

ગાંધીનગર, તા. ૬

પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલની સભાઓએ ભાજપના નાકે દમ લાવી દીધુ છે. હાર્દિક પટેલની સભાઓમાં સ્વયંભુ આવતી હજારોની જનમેદની સરકારની ચિંતામાં બમણો વધારો કરી રહી છે. ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં હાર્દિક પટેલની મહાસભા યોજાનાર છે. આ મહાસભા ૧૧મી ડિસેમ્બરે યોજાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે. જો કે હાર્દિકની સભા રૂપાલમાં કોઈ પણ ભોગે ના થાય તે માટે તંત્ર, રાજકીય અને સામાજીક રીતે એડીચોટીનું જોર લગાડી દેવામાં આવ્યુ છે. જો કે દિનેશ બાંભણીયા સાથે થયેલી વાતચીતમાં તેમણે સ્પષ્ટ કહ્યુ છે કે રૂપાલમાં મહાસભા ૧૧મી ડિસેમ્બરે કરવાની ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી છે.

ગાંધીનગર નજીક રૂપાલ ખાતે હાર્દિક પટેલની મહાસભા ૯મી ડિસેમ્બરે થવાની શક્યતા હતી જો કે વ્યસ્તતાને કારણે ૯મીએ હાર્દિકની સભા રૂપાલમાં થઈ શકે તેમ ન હોવાનું જાણવા મળ્યુ છે. રૂપાલ ખાતે સભા થાય તે માટે પણ એક જુથ પ્રયત્નો કરી રહ્યુ છે. જ્યારે સભા ના થાય તે માટે પણ કેટલાક પરીબળો કામે લાગી ગયા છે. સામાજીક સ્તરે, રાજકીય સ્તરે અને તંત્ર કક્ષાએથી પણ આ મહાસભા રૂપાલ ન થાય તે માટે કવાયત થઈ રહી છે. તો બીજી તરફ અમદાવાદ ખાતે ૧૧મી ડિસેમ્બરે હાર્દિક પટેલનો રોડ શો યોજાનાર છે. આ દિવસે જ રૂપાલમાં મહાસભા ગોઠવાઈ જાય તેવી ગતિવિધીઓ તેજ બનતા રાજકીય માહોલ ગરમાયો છે.

# અસરગ્રસ્ત ખેડુતોને ન્યાય અપાવીશ : કરણસિંહ વાઘેલા

**પ્રજાને કોંગ્રેસમાં વિશ્વાસ નથી ..ભાજપથી નારાજ છે..માટે જનવિકલ્પ મતદારો માટે શ્રેષ્ઠ વિકલ્પ બનશે : કર્મચારીઓને પુરો પગાર અને કાયમી નોકરી મળે તે અનિવાર્ય : કરણસિંહ બળદેવસિંહ વાઘેલા**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર ઉત્તરની બેઠક પર વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી અત્યંત રસાકસી ભર્યો જંગ છે. ભાજપ કોંગ્રેસના ઉમેદવાર સહીત



જનવિકલ્પ મોરચાના કરણસિંહ બળદેવસિંહ વાઘેલાએ પણ ઉમેદવારી નોંધાવી છે. વકીલાતના વ્યવસાય ઉપરાંત સમાજ સેવાની પ્રવૃતિ સાથે સંકળાયેલા બિલોદ્રાના વતની કરણસિંહને ચુંટણીમાં જીત મળે તો તેમણે એકપણ સરકારી લાભ

**સીધો સંવાદ - ધનંજય જોષી**

નહીં લેવાનો સંકલ્પ લીધો છે. જેમાં પોતાને મળતા આર્થિક લાભો ગરીબોના કલ્યાણ માટે સમર્પિત કરશે. જ્ઞાતિવાદના આધારે નહીં પરંતુ તમામ સમાજને સાથે લઈ પોતાની જીતનો દાવો કરતા કરણસિંહ ખાસ કરીને ગાંધીનગરના અસ્તિત્વ માટે જમીન ગુમાવનારા અસરગ્રસ્ત ખેડુતો વળતર, પ્લોટ, દુકાન અને સરકારી નોકરી મળે તે માટે સતત પ્રયત્ન કરીશ, પ્લોટ વિહોણાં કર્મચારીઓને રહેઠાંણ માટેના પ્લોટ અપાવવા માટે લડત આપીશ.

**ગુજરાતમાં જનવિકલ્પ મોરચાએ કેટલા ઉમેદવારો ચુંટણી મેદાનમા ઉતાર્યા છે. કેટલી બેઠક પર વિજય મળશે ?**

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી જનવિકલ્પ મોરચામાંથી ઉમેદવારોએ ૧૩૦ બેઠકો પરથી ફોર્મ ભર્યા હતા. જયારે ૩૦ ફોર્મ રદ થતા હવે ૧૦૦ બેઠકો પર ઉમેદવારી આખરી થઇ છે. જનવિકલ્પ મોરચાને ૨૫ થી ૩૦ બેઠકો પર લોકસમર્થન મળશે અને વિજય હાંસલ કરીશુ.

**ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષને કોરાણે મુકી પ્રજા શા માટે જનવિકલ્પને પોતાના મત આપશે ?**

છેલ્લા ૨૨ વર્ષથી ભાજપના શાસનથી ગરીબ અને ખેડુતવર્ગની માંગણીઓ સંતોષવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. વિપક્ષ પણ સક્ષમ હોવો જોઇએ. કોંગ્રેસ પાર્ટી વિપક્ષ તરીકે સરકાર સામે હંમેશા લડત આપે છે. પરંતુ કોંગ્રેસમાં સંગઠન અને સેનાપતિનો અભાવ છે. લોકોનો વિશ્વાર કોંગ્રેસમાંથી ઉઠી ગયો છે. અને ભાજપ સામે નારાજગી છે. ત્યારે શંકરસિંહ વાઘેલાએ માત્ર એક મહીનામાં ત્રીજો મોરચો ઉભો કર્યો છે. આ મોરચાને બાપુની કામગીરી અને વ્યક્તિત્વના લીધે પ્રજાએ આવકાર્યો છે.

**કોંગ્રેસમાંથી પણ ક્ષત્રિય ઉમેદવાર છે. ત્યારે સમાજના મતો તમારા પોકેટમાં કેટલા આવશે ?**

ચુંટણી ક્યારેય જાતિવાદ ઉપર ન લડાય..ઉમેદવારોએ હંમેશા

● અનુસંધાન પાન-૫ પર

**મતદાન મથકો પર હાજર રહેનારા**

# રાજકીય એજન્ટોએ પોલીસ વેરીફીકેશન કરાવાનુ રહેશે

## ગુનાહીત માનસ ધરાવતા એજન્ટોને નો એન્ટ્રી : રાજકીય પક્ષોને સુચના આપી દેવાઇ

ગાંધીનગર તા ૬

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ તેજ ગતિએ ચાલી રહી છે. ચુંટણીમાં જીત હાંસલ કરવા માટે ઉમેદવારો એડી ચોટીનુ જોર લગાવી રહયા છે. બીજીતરફ ચુંટણી પંચે પણ ચુંટણીલક્ષી તમામ તૈયારીઓ કરી લીધી છે. રાજયમાં શાંતિપુર્ણ મતદાન થાય તે માટે જરૂરી આયોજન કરી દેવાયુ છે. મતદાન મથકો પર ગુનાહીત ઈતિહાસ ધરાવતા રાજકીય એજન્ટોને દુર રાખવા માટે પણ પક્ષોને સુચના આપી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૧૩૪૨ જેટલા મતદાન મથકો છે. જયારે આ મતદાન મથકો પર એજન્ટોએ પ્રવેશ માટે ફરજિયાત પોલીસ વેરીફીકેશન કરાવવુ પડશે. એન ઓ સી પ્રમાણપત્રના આધારે જ એજન્ટોને મતદાન મથક પર પ્રવેશ મળશે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી કોંગ્રેસ ભાજપ સહીતના રાજકીય પક્ષો પ્રચારમાં લાગી ગયા છે. ચુંટણીને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહયા છે. ત્યારે પ્રચાર ઝુંબેશ પણ પરાકાષ્ટા તરફ છે. આવા સંજોગોમાં શાંતિપુર્ણ મતદાન થાય અને નાગરિકો મતાધિકાર અંગે જાગૃત બને તેવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. ગાંધીનગર જિલ્લામાં પણ પાંચ બેઠકોને અનુલક્ષી મતદાનની પ્રક્રીયા હાથ ધરાશે. બે તબક્કામાં મતદાનની પ્રક્રીયા હાથ ધરાવાની છે. જયારે પ્રથમ તબક્કામાં તા ૯ ડીસેમ્બરના રોજ મતદાન થશે. જયારે બીજા તબક્કામાં ૧૪ ડિસેમ્બરના રોજ મતદાનની પ્રક્રીયા હાથ ધરાશે. ગાંધીનગર જિલ્લામાં તા ૧૪ ડિસેમ્બરના રોજ મતદાન થશે. ચુંટણી તંત્રએ મતદાન મથકો પર હાજર રહેતા રાજકીય પક્ષોના

● અનુસંધાન પાન-૫ પર

# મતદાનની તારીખોમાં ફેરફાર નહિ : ચૂંટણી પંચ

## સોશિયલ મિડિયા પર વાયરલ થયેલા મેસેજ પર ચૂંટણી પંચની સ્પષ્ટતા

ગાંધીનગર,તા.૬

ગુજરાત પર મંડરાઈ રહેલા 'ઓખી' વાવાઝોડાના ખતરા વચ્ચે સોશયલ મીડિયા પર એક મેસેજ ઝડપથી વાઈરલ થઈ રહ્યો હતો કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ માટેના પહેલા તબક્કાના મતદાનની તારીખ પણ પાછી ઠેલાશે. જોકે, ચૂંટણી પંચ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, મતદાનની તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે, રાજયમાં પહેલા તબક્કામાં ૯મી અને બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરે મતદાન થવાનું છે.

'ઓખી' વાવાઝોડાને કારણે રાજયભરમાં ઠંડીની સાથે-સાથે ગઈકાલથી જ વરસાદ પડવાનો શરૂ થઈ ગયો છે. રાજયના અન્ય વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ હતી. જેના કારણે નેતાઓની સભાઓ પણ રદ કરી દેવી પડી છે. નેતાઓની સભાઓ રદ થવાના મેસેજ ફરતા થવાને પગલે કેટલાક લોકોએ એવા મેસેજ પણ ફરતા કરી દીધા કે, પહેલા તબક્કાના મતદાનની તારીખ પણ પાછી ઠેલાશે.

મતદાનની તારીખમાં ફેરફારની વાત ખોટી હોવાનું જણાવતા ગુજરાતના ચીફ ઈલેક્ટોરલ ઓફિસર બી બી સ્વૈનએ કહ્યું કે, ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા તરફથી આવી કોઈ સૂચના મળી નથી. આ માત્ર અફવા છે. તેણે અમારી પાસેથી રિપોર્ટ લીધો છે અને કહ્યું છે કે, મતદારોને કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેની તકેદારી રાખવા જણાવ્યું છે. અમે IMD અને ગુજરાત સરકારના સતત સંપર્કમાં છીએ.

## મુખ્ય સચિવે વાવાઝોડા મામલે ચૂંટણી પંચને રિપોર્ટ સુપરત કર્યો

ઓખી વાવાઝોડાના મામલે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે ઈલેક્શન કમિશનને બુધવારે સાંજે રિપોર્ટ સુપરત કર્યો હતો. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઓખી વાવાઝોડાથી કોઈ મોટુ નુકસાન થયું નથી. અને મતદાનમાં કોઈ અવરોધ આવી શકે એમ નથી. કોઈ બુથમાં સમસ્યા હોય તો વરસાદ સમયે પ્લાસ્ટિક, તાડપત્રી રાખી મતદારોને વરસાદથી બચાવવા તંત્રને સુચનાઓ આપવામાં આવી છે.

ચૂંટણી પંચને તમામ પ્રકારની સુવિધાઓ આપવા વહીવટી તંત્ર કટિબદ્ધ છે.




ગાંધીનગર મહાનગર બક્ષીપંચ મોરચાના હોદ્દેદાર તરીકે નિમણુંક થવા બદલ અભિનંદન...



માધુભાઈ પ્રજાપતિ
ઉપપ્રમુખ, બક્ષીપંચ મોરચો, ભાજપ, ગાંધીનગર મહાનગર

મહેન્દ્રભાઈ પટેલ (દાસ)
શહેર પ્રમુખ ભાજપ, ગાંધીનગર મહાનગર

માંગીલાલ ગુર્જર
કાર્યાલય મંત્રી, બક્ષીપંચ મોરચો, ભાજપ, ગાંધીનગર મહાનગર

-: શુભેચ્છકો :-

સમસ્ત રાજસ્થાન સમાજ, ગાંધીનગર

- તુલસીભાઈ કે. માલી - કન્વીનર, ગુજરાત પરપ્રાંતિય ઓબીસી અધિકાર મંચ
- મદનભાઈ યુ. મોદી - પ્રમુખ, તેલી (મોદી) સમાજ ગાંધીનગર
- ગોવિંદભાઈ તેલી - બોરીજ
- રમેશભાઈ પંચાલ - ધોળાકુવા
- દિપાજી મેઘવાલ - પેથાપુર
- કૈલાસબેન લખવારા - સેક્ટર-૨૪
- હરદેવભાઈ ગુર્જર - ક-૭ ચોકડી
- મુપાજી પ્રજાપતિ - સેક્ટર-૨૪
- રતિલાલ પ્રજાપતિ - સેક્ટર-૨૧, શાકમાર્કેટ
- બાબુજી પ્રજાપતિ - સેક્ટર-૨૪
- નરેશભાઈ પ્રજાપતિ - પ્રમુખ, મારૂ પ્રજાપતિ સમાજ, ગાંધીનગર
- વિક્રમસિંઘ રાજપૂત - સેક્ટર-૧૨
- દૂધારામ રબારી - ઘ-૫ ચોપાટી
- સુરેશભાઈ જૈન - સેક્ટર-૨૪
- ગોપાલભાઈ શર્મા -
- આઈદાનભાઈ માલવિયા - સેક્ટર-૨૫
- અસલારામજી સોની - સેક્ટર-૨૭
- પ્રદિપભાઈ ચંપાવત - સેક્ટર-૨૪
- મુકેશભાઈ વ્યાસ - સેક્ટર-૬
- જગદાનભાઈ ચારણ - સેક્ટર-૨૬
- પિરાજી વણઝારા - સેક્ટર-૨૫
- દિનેશભાઈ માજીરાણા - સેક્ટર-૨૪, ઈન્દિરાનગર છાપરા
- તલકાજી મેઘવાલ - પેથાપુર



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com